### પ્રાંતિજ પોલીસે કોરોના અંગે જનજાગૃતિ ફેલાવી

# માસ્ક વિતરણ સાથે લોકોને ધૂળેટીથી અળગા રહેવાની કરી અપીલ

**પ્રાંતિજ પોલીસ દ્વારા કોરોના અંગે અવેરનેસ કાર્યક્રમ યોજાયો : પોલીસે કોરોનાથી બચવાના ઉપાયો સમજાવ્યા : પોલીસે રસ્તા પર માસ્કનું કર્યુ વિતરણ**

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ દ્વારા લોકોમા અવેરનેસ આવે તે માટે લોકો ને કોરોના અંગે જાગૃત કરવા માહિતી આપવામા આવી હતી અને ધૂળેટી રહીને કોરોના સંક્રમણ ટાળવા જણાવ્યુ હતુ તો પ્રાંતિજ પોલીસ ટીમ દ્વારા પ્રાંતિજ પીઆઈ પી. એલ.વાધેલા ના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેન્ડ વિસ્તાર મા વાહન ચાલકો તથા ચાલતા અવરજવર કરતા લોકો ને માસ્ક નુ વિતરણ પણ કર્યુ હતુ અને હોળી ના તહેવાર મા લોકો ની વચ્ચે સામાજિક અંતર રાખીને હોળી પ્રગટાવવાની અપીલ પણ કરી હતી અને તે સાથે નગરજનોને આ વર્ષે ધુળેટીના રંગો થી દુર રહેલા અને



કોરોના અંગે અવેરનેસ આવે તે માટે કોરોનાથી બચવાના ઉપાયો સમજાવ્યા અને પોલીસ દ્વારા આવતા જતા વાહન ચાલકો સહિત અવરજવર કરતા લોકોને માસ્ક નુ વિતરણ પણ કર્યુ .

કોરોનાની લડતમાં પ્રાંતિજ પીઆઈ પી.એલ.વાધેલા દ્વારા અનોખી પહેલ હાથધરી હતી જે અંતર્ગત પ્રાંતિજ ના ભાંખરીયા વિસ્તાર મા આવેલ પોલીસ ચોકી વિસ્તાર મા અવરજવર કરતા લોકો મા કોરોનાને લઈ ને



ના રંગોથી દુર રહેવા નાગરિકો ને અપીલ કરી કોરોનાનુ ગાઈડ લાઈન નુ પાલન કરી રંગોથી દુર કેમિકલ યુક્ત મિશ્રણ વાળા રંગોથી અળગા રહીને કોરોનાથી બચવાના ઉપાયો સમજાવ્યા હતા.

# કડોલી નજીક કપડવંજના નાયબ મામલતદાર ઉપર પથ્થરમારો કરી ચપ્પુની અણીએ લૂંટ : ૩ લુટારુઓ ફરાર

**બે મોબાઇલ અને રોકડ રકમ સહિત થેલામાં મુકેલા અગત્યના દસ્તાવેજો સહિત રૂપિયા ૧૫ હજારના મત્તાની લૂંટ : લૂંટ પ્રકરણમાં વપરાયેલ મોટરસાયકલ ચોરીનું હોવાનું પોલીસે પ્રાથમિક અનુમાન લગાવ્યું**

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૭

હિંમતનગર તાલુકાના કડોલી ગામની સીમમાં કાનડા થી કડોલી જતાં કાચા ગ્રામ્ય વિસ્તારના રોડ ઉપર ગતરોજ ૨૬ માર્ચ ૨૦૨૧ ના રોજ આશરે મોડી રાત્રે નવેક વાગ્યાના સુમારે કાળા કલરના પલ્સર મોટરસાયકલ ઉપર આવેલા

પ્રકરણના સમગ્ર મામલે પોલીસે આજુબાજુના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ હાથ ધરી ત્રણેય લૂંટારૂ ઈસમો નું પગેરું શોધવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના કડોલી ગામના વતની અને હાલમાં રહે.

૨૦ થી ૩૦ વર્ષની ઉંમરના ગુજરાતી ભાષા બોલતા આવેલા ત્રણ અજાણ્યા ઈસમોએ નાયબ મામલતદાર યુનિક પટેલની મોટર સાયકલને ઓવરટેક કરીને નાયબ મામલતદારની ઊભા રાખીને પથ્થરમારો કરી ચપ્પુ બતાવી ત્રણ પૈકીના બે ઈસમોએ નાયબ મામલતદારની પકડી રાખી ત્રીજાએ ઈસમે નાયબ મામલતદારના ખિસ્સામાંથી મોબાઈલ નંગ-૨ કિં.રૂ. ૬૦૦૦/- તથા પર્સમાં આશરે રોકડ રકમ રૂપિયા ૯૦૦૦/- તથા એટીએમ કાર્ડ નંગ-૩ , પાનકાર્ડ , ચૂંટણીકાર્ડ , આધારકાર્ડ તથા કાળા કલરના થેલો જેમાં કપડાની જોડી નંગ- ૩ મોબાઈલ ચાર્જર તથા પાવર બેંક , ઈયરફોન , શટલ કોક કુલ નંગ- ૩ તથા ૪ પેન ડ્રાઈવ થેલા સહિત રૂપિયા ૧૫૦૦૦/- ના મત્તાની લૂંટ કરી ફરાર થઈ જતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે મોડી રાત્રિ દરમિયાન બાઈકની ઓવરટેક કરી ઉભા રાખી પથ્થરમારો કરી ચપ્પુની અણીએ ત્રણ લૂંટારૂ ઈસમો દ્વારા નાયબ મામલતદાર સાથે લૂંટ મચાવતા નાયબ મામલતદાર હતપ્રભ બની ગયા હતા અને ચકચારી ચોંકાવનારી લૂંટની સમગ્ર ઘટના અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે ગુજરાતી ભાષા બોલતા

પલ્સર બાઈક ઉપર આવેલા ત્રણ અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા ત્રણ લૂંટારું ઈસમો વિરૂદ્ધ ઈપીકો કલમ ૩૯૨ , ૩૩૬ તથા જી પી એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી લૂંટારુંઓ પગેરુ શોધવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે

સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી

દિવસ અગાઉ ચોરાયું હોવાનું અને વિજાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

વધુમાં મોડી રાત્રિએ નાયબ મામલતદાર ઉપર પથ્થરમારો કરી ચપ્પુની અણીએ થયેલી લૂંટ પ્રકરણમાં ફરિયાદમાં દર્શાવ્યા મુજબના ૩ - ૩

**પથ્થરમારો કરી ચપ્પુની અણીએ નાયબ મામલતદાર પાસેથી લૂંટમાં ગયેલી મુદ્દામાલની વિગત**

મોબાઈલ નંગ-૨ કિં.રૂ. ૬૦૦૦/- તથા પર્સમાં આશરે રોકડ રકમ રૂપિયા ૯૦૦૦/- તથા એટીએમ કાર્ડ નંગ-૩ , પાનકાર્ડ , ચૂંટણીકાર્ડ , આધારકાર્ડ તથા કાળા કલરના થેલો જેમાં કપડાની જોડી નંગ- ૩ મોબાઈલ ચાર્જર તથા પાવર બેંક , ઈયરફોન , શટલ કોક કુલ નંગ-૩ તથા ૪ પેન ડ્રાઈવ થેલા સહિત રૂપિયા ૧૫૦૦૦/- ના મત્તાની લૂંટ ચલાવી હતી

ત્રણ અજાણ્યા લૂંટારૂઓએ ઈસમોએ કપડવંજ મુકામે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા સરકારી કર્મચારીની બાઈકને ઓવરટેક કરી પથ્થરમારો કરી ચપ્પુની અણીએ રૂ. ૧૫૦૦૦/-ના મતાની લૂંટ કરી ત્રણેય લૂંટારુઓ રફુચક્કર થઈ જતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે મામલતદાર કક્ષાના સરકારી કર્મચારી સાથે મોડી રાત્રિએ પથ્થરમારો કરી ચપ્પુની અણીએ રૂા. ૧૫ હજારની થયેલી લૂંટ પ્રકરણમાં પોલીસ ઉંધા માથે થી દોડતી થઈ ગઈ હોવાનું જાણવા મળી રહ્યું છે મોડી રાત્રે થયેલી લૂંટ

બી - ૫ સરકારી વસાહત નદી દરવાજા ટાઉન પોલીસ સ્ટેશનની બાજુમાં , ખેડા જિલ્લાના કપડવંજ મુકામે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા સરકારી કર્મચારી યુનિક શંકરલાલ પટેલ ગતરોજ ૨૬ માર્ચ ૨૦૨૧ ના રોજ રાત્રિના આશરે નવેક વાગ્યાના સુમારે પોતાની મોટર સાયકલ લઈને કપડવંજ થી પોતાના માદરે વતન કડોલી મુકામે આવી રહ્યા હતા દરમિયાન હિંમતનગર તાલુકાના કડોલી ગામની સીમમાં કાનડા થી કડોલી તરફ જતા કાચા ગ્રામ્ય વિસ્તારના રોડ ઉપર કાળા રંગના પ્લસર મોટર સાઈકલ ઉપર આશરે

**સમગ્ર ઘટના અંગે પીએસઆઈ શું કહે છે**

હિંમતનગર તાલુકાના કડોલી ગામની સીમમા કાનડા થી કડોલી જતાં કાચા ગ્રામ્ય રોડ ઉપર ગતરોજ ૨૬ માર્ચ ૨૦૨૧ ના રોજ મોડી રાત્રિએ અજાણ્યા ત્રણ લૂંટારું ઈસમો દ્વારા નાયબ મામલતદાર ઉપર પથ્થરમારો કરી ચપ્પુની અણીએ રૂ. ૧૫૦૦૦/- નાં મત્તાની લૂંટી મચાવી લેવાના પ્રકરણમાં પીએસઆઇ ચૌધરી સાથે ટેલિફોની વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, મોડી રાત્રિએ નાયબ મામલતદાર સાથે થયેલી લૂંટના પ્રકરણમાં આજુબાજુના વિસ્તારમાં સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવી રહ્યા છે મોડી રાત્રે થયેલી લૂંટ પ્રકરણમાં વપરાયેલ મોટરસાયકલ ચોરીનું હોવાનું પ્રાથમિક અનુમાન સામે આવ્યું છે હાલમાં ઘટના સ્થળની મુલાકાત લઈ પંચનામું કરી મોડી રાત્રિએ નાયબ મામલતદાર સાથે પથ્થરમારો કરી ચપ્પુની અણીએ લૂંટ મચાવનાર ત્રણ અજાણ્યા લૂંટારું ઓનું પગેરુ શોધવા તપાસનાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

અનુસાર ખેડા જિલ્લાના કપડવંજ મુકામે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા યુનિક પટેલ પોતાના માદરે વતન આવી રહ્યા હતા દરમિયાન મોડી રાત્રે તેમની સાથે થયેલી લૂંટની ઘટનામાં ૩ લુંટારુ ઈસમો દ્વારા ઉપયોગમાં લેવામાં આવેલ મોટરસાયકલ વિજાપુર મથકેથી આશરે એક

મોબાઈલ નંબર ઉપર નાયબ મામલતદાર નો સંપર્ક કરતા તેમના ત્રણે મોબાઈલ નંબર નાયબ મામલતદારે બંધ કરી દીધા હોવાનું સામે આવ્યું હતું આડકતરી રીતે ત્રણેય મોબાઈલ સ્વીચ ઓફ કરી લૂંટ પ્રકરણ અંગે નાયબ મામલતદારે મૌન સેવી લીધા હોવાનું સામે આવી રહ્યું છે

# મોડાસા મામલતદાર કચેરીની મહિલા કર્મચારી કોરોનાગ્રસ્ત

**મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા ૫૦ જેટલા કર્મચારીઓના રેપીડ ટેસ્ટ કરાયા**

મોડાસા, તા. ૨૭

રાજયભરમાં કહેર મચાવનાર કોરોના વાયરસનું સંક્રમણ બંને જિલ્લામાં કોરોનાનું સંક્રમણ રોકેટ ગતિએ વધી રહ્યુ છે.અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરીમાં કોરોનાનો ફૂંફાડો જોવા મળી રહ્યો છે જીલ્લા સેવાસદન



પરિસરમાં અધિકારીઓ અને કર્મચારીઓમાં કોરોના વકરતા અધિકારીઓ કર્મચારીઓ અને અરજદારોમાં ફફડાટ ફેલાયો છે જીલ્લા કલેકટર કચેરી પરિસરમાં આવેલ મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા મહિલા કર્મચારી કોરોનામાં સપડાતા આરોગ્ય તંત્ર દોડતું થયું હતું અને મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓના રેપીડ ટેસ્ટ કરવા તજવીજ હાથધરી હતી રેપિડ ટેસ્ટમાં અન્ય કોઈ કર્મચારીમાં સંક્રમણ ન હોવાની માહિતી આરોગ્ય સૂત્રો પાસેથી પ્રાપ્ત થઇ હતી.

અરવલ્લી જીલ્લાની સરકારી કચેરીઓમાં કોરોનાએ દસ્તક દીધી છે જીલ્લામાં સરકારી કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ સતત કોરોનાગ્રસ્ત બની રહ્યા છે મોડાસા મામલતદાર કચેરીમાં ફરજ બજાવતી મહિલા કોરોનાગ્રસ્ત બનતા મામલતદાર કચેરીમાં આરોગ્ય તંત્રએ સૅનેટાઈઝ કરી કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓના સાવચેતીના ભાગરૂપે રેપીડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા મામલતદાર કચેરીમાં અરજદારો અને લોકોના ટોળેટોળા ઉમટી રહ્યા હોવાની સાથે કેટલાક કર્મચારીઓ અને અરજદારો પણ સરકારે જાહેર કરેલ કોવીડ-૧૯ ની ગાઈડલાઈનનો સરેઆમ ભંગ થઈ રહ્યો હોવાથી કોરોનાનું સંક્રમણ વધુ ફેલાઈ શકે છે જીલ્લા સેવાસદન કચેરી અને પરિસરમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા સરકારે જાહેર કરેલ ગાઈડલાઈનનો ચુસ્તપણે અમલવારી કરાવવામાં આવે તે જીલ્લા સેવાસદન કચેરીમાં ફરજ બજાવતા અધિકારીઓ, કર્મચારીઓ અને અરજદારો માટે હિતાવહ રહેશે મામલતદાર કચેરીમાં કામકાજ અર્થે જનાર લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે

# પ્રાંતિજ ખાતે કાર્યરત હેલ્પિંગ હેન્ડ્સ ગૃપ દ્વારા માસ્કનુ વિતરણ

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મુસ્લિમ યુવાનો દ્વારા કાર્યરત હેલ્પિંગ હેન્ડ્સ ગુપ દ્વારા આજે ભાંખરીયા બસ સ્ટેન્ડ ખાતે માસ્કનુ વિતરણ કરવામા આવ્યુ હતુ.

પ્રાંતિજ ખાતે કાર્યરત હેલ્પિંગ હેન્ડ્સ ગુપ દ્વારા આજે લોકોને કોરોના સામે રક્ષણ મળે તે માટે માસ્કનુ વિતરણ કરવામા આવ્યુ હતુ અને ભાંખરીયા બસ સ્ટેન્ડ સહિત ભાંખરીયા વિસ્તાર મા અવરજવર કરતા લોકો સહિત લારી ગલ્લા વાળાઓને હેલ્પિંગ હેન્ડ્સ ગુપના મુસ્લિમ યુવાનો દ્વારા આજે ૧૦૦૦થી પણ વધારે માસ્કનુ વિતરણ કરવામા આવ્યુ હતુ જેમા નગરપાલિકાના અપક્ષ કોર્પોરેટર મોહસીનભાઈ છાલોટીયા, નિઝામભાઈ ઝાફુવાલા, તલ્હાભાઈ કેલાવાલા, રમીઝ ભાઈ છાલોટીયા, સરફરાઝ ભાઈ શેખ, શફિક ભાઈ લુહાર,



જમીલ ભાઈ મલેક, ઈસ્માઈ ભાઈ ચૌહાણ સહિત ની ટીમ ઉપસ્થિત રહીને બજારમા આવતા જતા લોકો સહિત લારી ગલ્લાઓ ઉપર માસ્ક નુ વિતરણ કરવામા આવ્યુ હતુ અને વધતાજતા કોરોનાને અટકાવવા લોકોને ફરજિયાત માસ્ક પહેરવા સોશિયલ ડીસટન રાખવા અનુરોધ કર્યો હતો તો હેલ્પિંગ હેન્ડ્સ ગુપ ની કામગીરી ને સમાજ ના વડીલો સહિત નગરજનો દ્વારા બિરદાવવામા આવી હતી તો માસ્ક વિતરણ ની કામગીરી મા પોલીસ જવાનો પણ જોડાયા હતા.

# ધનસુરા જિલ્લા પંચાયત સદસ્યની બાંધકામ સમિતિના અધ્યક્ષ તરીકે નિમણૂક



ધનસુરા, તા.૨૭

ધનસુરા જિલ્લા પંચાયત સદસ્ય હિરેન પટેલ ની અરવલ્લી જિલ્લા પંચાયત માં બાંધકામ સમિતિ ના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી હતી જિલ્લા પંચાયત માં વિવિધ સમિતીઓની નિમણૂક કરવામાં આવી હતી જેમાં હિરેન પટેલ ની બાંધકામ સમિતિ ના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી હતી જેને લઈ અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા

# મોડાસા લો કોલેજમાં કુપોષણ દૂર કરવા વ્યાખ્યાન યોજાયું



મોડાસા, તા.૨૭

શ્રી મ.લા.ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રી એન.એસ.પટેલ લો કૉલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા યુનિવર્સિટીના આદેશાનુસાર પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં કુપોષણના વ્યાપ પર વ્યાખ્યાનનું આયોજન કરાયું હતું, લૉ કૉલેજમાં યોજાયેલા પોષણ પખવાડિયા અંતર્ગત કાર્યક્રમમાં ન્યુટ્રીશન અંગે અગમ ફાઉન્ડેશનના અધ્યક્ષા હેતલ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાન સાંભળવા માટે બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં આચાર્ય ડૉ.રાજેશ વ્યાસ, ડૉ. સોનિયા જોષી, વકીલ એમ.એ. ઈપ્રોલિયા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર પ્રો.ડૉ.અલ્પાબેન ભટ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધનસુરામાં ટેકાના ભાવે ઘઉં અને ચણાની ખરીદી

**ઘઉંની ૨૦૦૬ બોરી અને ચણાની ૪૨૦૦ બોરીની ખરીદી કરાઈ**

ધનસુરા, તા. ૨૭

ધનસુરા માં ઘઉં અને ચણા ની ટેકા ના ભાવે ખરીદી શરુ છે અરવલ્લીના ધનસુરામાં એપીએમસી ખાતે ઘઉં અને ચણા ની ટેકા ના ભાવે ખરીદી શરુ છે હર્ષિલ ગોડાઉન મેનેજર અને જગદીશભાઈ ગ્રેડર ઓફિસર એ જણાવ્યું હતું કે અત્યાર સુધી ઘઉં ની ૨૦૦૬ બોરી અને ચણા ની ૪૨૦૦ બોરી ની ખરીદી કરાઈ છે



જિલ્લા માં ઘઉં ની મણ ના ૩૯૫ રુપિયા અને ચણા ની મણ ના ૧૦૨૦ ના ભાવે ખરીદી થઈ રહી છે ધનસુરા એપીએમસી ના સેક્રેટરી રવિભાઈ પટેલ ધ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે રજિસ્ટ્રેશન બાદ ખેડૂતો નંબર પ્રમાણે ટેકા ના ભાવે વેચાણ માટે આવી રહ્યા છે ખેડૂતો ટેકાના ભાવથી ખુશ આ વખતે મોટા પ્રમાણ માં ઘઉં નું વાવેતર થયું હતું એવામાં ટેકા ના ભાવેથી ખેડૂતો ને લાભ થશે.

# શહેરોમાં કોરોનાએ કહેર મચાવ્યો,ગામડાઓમાં સોશિયલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડ્યા

**ભિલોડા તાલુકામાં કોરોનાની ઐસી કી તૈસી મોટા ભાગના લોકો મોઢા પર માસ્ક બાંધ્યા વગર બિન્દાસ્ત ફરે**

ભિલોડા, તા.૨૭

ગુજરાત રાજ્યમાં મોટા - મોટા શહેરોમાં કોરોના વાઈરસએ પુનઃ કાળો કહેર મચાવ્યો છે.કોરોના વાઈરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે વધી રહ્યું હોઈ તેવું લાગી રહ્યું છે.ગામડાઓમાં સોશિયલ ડીસ્ટન્સના લીરે લીરા ઠેર-ઠેર ઉડી રહ્યા છે.કોરોનાની ઐસી કી તૈસી જેવો ઠેર-ઠેર માહોલ જોવા મળી રહ્યો છે.અમુક લોકો મોઢા પર માસ્ક બાંધ્યા વગર બજારોમાં બિન્દાસ્ત ફરી રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના વાઈરસ અંતર્ગત ગાઈડ લાઈન નું ચુસ્તપણે મોટા ભાગે કોઈ પાલન કરતું નથી ત્યારે કોરોના વાઈરસની મહામારીએ પુનઃ શહેરોમાં હાહાકાર મચાવી દીધો છે.અમુક બેજવાબદાર પ્રજાજનોની લાપરવાહીના કારણે કોરોના વાઈરસ પુનઃ વકર્યો છે.

હવે સાવધાની નહી રાખીએ તો પ્રજાજનોએ ભયાનક પરીણામો ભોગવવા માટે તૈયાર રહેવું પડશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.ગ્રામ્ય વિસ્તારોમાં પણ હવે કેસો દિન-પ્રતિ-દિન વધી રહ્યા છે.દુકાન,ઓફીસ,એસ.ટી. બસ કે પ્રાઈવેટ વાહનોમાં સોશિયલ ડીસ્ટન્સ ક્યાંય દેખાતું નથી ? અનહદ લોકો માસ્ક પહેર્યા વગર જ નજરે પડે છે.કોરોના આવતો નથી પરંતુ લોકો જાતે જ કોરોનાનું સ્વાગત કરીને તેઓના ઘરે લઈ આવતા હોય તેવું દેખાઈ રહ્યું છે.કોરોનાનો કહેર અટકાવવા માટે અવશ્ય માસ્ક પહેરવું,સોશિયલ ડીસ્ટન્સ જાળવીએ,કોરોનાને હરાવીએ તેમ વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ,જાગૃત પ્રજાજનોએ જણાવ્યું હતું.

# હિંમતનગર જમીન વિકાસ બેંક લી.માં ભિલોડા શાખાના ૪ જીલ્લાના ડીરેક્ટર અને ૨ તાલુકાના ડીરેક્ટર તરીકે બિનહરીફ ચુંટાયા

ભિલોડા,તા.૨૭

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના ખેડુતો માટે જીવાદોરી સમાન ખેડુતોને નાણાંકીય ધિરાણ ઉપલબ્ધ કરાવતી મોખરાની સહકારી સંસ્થા એટલે જમીન વિકાસ બેંક લી.ની ચુંટણી યોજાઈ હતી.હિંમતનગર જમીન વિકાસ બેંક લી.માં ભિલોડા શાખાના ૪ જીલ્લાના ડીરેક્ટર અને ૨ તાલુકાના ડીરેક્ટર બિનહરીફ વિજેતા કરાયા હતા.ખેડુતોમાં આનંદ,ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.



જમીન વિકાસ બેંક લી.,હિંમતનગર જીલ્લાના ડીરેક્ટર (૧) ભીખાભાઈ કાંહ્યાભાઈ પટેલ (૨) રઘજીભાઈ મુળજીભાઈ પટેલ (૩) તુલસીદાસ વીઠ્ઠલદાસ રાવલ (૪) શાંમળભાઈ કચરાભાઈ પટેલ બિનહરીફ વિજેતા જાહેર કરાયા હતા.

જમીન વિકાસ બેંક લી.,ભિલોડા તાલુકાના ડીરેક્ટર (૧) રામાભાઈ કચરાભાઈ પટેલ (૨) મનિષભાઈ હરીભાઈ પટેલ બિનહરીફ વિજેતા જાહેર કરાયા હતા.રાજકીય અને સહકારી આગેવાન રાજેન્દ્રસિંહ ભાટી, જેશીંગભાઈ પટેલ,હિતેન્દ્રસિંહ સિસોદીયાએ જમીન વિકાસ બેંક લી.ના બિનહરીફ વિજેતા ડીરેક્ટરોને બિરદાવ્યા હતા.

### ધનસુરા કોલેજના અર્થશાસ્ત્રના અધ્યક્ષ ને રાજ્યપાલના હસ્તે સારસ્વત એવોર્ડ

ધનસુરા, તા. ૨૭

ધી ડી.પી.સી.બી.એલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા ના અર્થશાસ્ત્ર વિષયના અધ્યક્ષ ડૉ.રમાબેન જે શાહ ને અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ અમદાવાદ ધ્વારા ૭-૩-૨૦૨૧ના રોજ આયોજિત પરિસંવાદમાં તેઓએ કરેલા સુંદર શૈક્ષણિક તેમજ સંશોધન કાર્યો થી પ્રભાવિત થઈ ને ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે સારસ્વત એવોર્ડથી સન્માનિત કરાયા હતા ધનસુરા કેળવણી મંડળના પ્રમુખ જે સી શાહ સર્વે હોદ્દેદારો કોલેજના આચાર્ય પ્રફુલ્લાબેન તેમજ સમગ્ર કોલેજ પરિવાર તેમને અભિનંદન આપી પ્રગતિ કરે તેવી શુભકાભનાઓ પાઠવી હતી.

## જન્મદિને વધામણી



ભરતભાઈ એન ભાવસાર
(નિવૃત્ત ઈજનેર : જીઈબી) મોડાસા



નરેન્દ્રભાઈ ગાંધી
મોડાસા



આહીર આરીફભાઈ મનસુરી
નરસિંહપુર



પિનાકીન કનુભાઈ પટેલ
બુટાલ (ધનસુરા)